પરિપત્ર:

**વિષય: ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇન્ફોર્મેશન સિક્યુરીટીના ઓનલાઇન પ્રોગ્રામ બાબત.**

**સંદર્ભઃ ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરનાં પરિપત્ર ક્રમાંક ઉશિક/૨૦૨૨-૨૩/૬૧૬-૬૧૮,** તા.૦૯/૦૨/૨૦૨૩.

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને ઉપરોક્ત સંદર્ભ અન્વયે જણાવવામાં આવે છે કે Bureau of Labour Statistics અનુસાર સાયબર સિક્યુરીટીની નોકરીઓ માટેનો વૃદ્ધિનો દર ૩૭% છે જે અન્ય તમામ વ્યવસાયોની સરેરાશ કરતા વધારે છે. સમગ્ર વિશ્વમાં સાયબર સુરક્ષા માટેનાં વ્યાવસાયીકોની માંગને ધ્યાને લઇ ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇન્ફોર્મેશન સિક્યુરીટી (IIS) દ્વારા ક્લાઉડ સિક્યુરીટી, IoT સિક્યુરીટી, સર્ટિફાઇડ સિક્યુરીટી ઓપરેશન સેન્ટર એનાલિસ્ટ (CSOC™), મોબાઇલ સિક્યુરીટી જેવા જુદા-જુદા અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે જેની વિગતવાર માહિતી આ સહ સામેલ પરિપત્રમાં દર્શાવવામાં આવેલ છે તેમજ તેઓના નવા ડિજિટલ લર્નિંગ પ્લેટફોર્મ પર નેટવર્ક સિક્યુરિટી કોર્ષની ૩૦-દિવસીય મફત તાલીમ પણ આપવામાં આવે છે જેનો લાભ મેળવવા વિદ્યાર્થીઓએ https://www.iisecurity.in/onlinetraining_form.php લીંક પર રજીસ્ટ્રેશન કરવાનું રહે છે તો આ અંગે તમામ વિદ્યાર્થીઓને માહિતગાર કરવા તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને જણાવવામાં આવે છે.

કા.કુલસચિવ

**બિડાણઃ સંદર્ભ પરિપત્રની નકલ**

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૪૩૦/૨૦૨૩
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ.
તા.૧૦/૦૨/૨૦૨૩

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તેમજ વિદ્યાર્થીઓ તરફ...

**નકલ સાદર રવાના:-**
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:-**
(૧) આઈ.ટી.સેલ. વેબસાઈટ પર પ્રસિદ્ધ થવા અને યોગ્ય કાર્યવાહી અર્થે...

Education Department
Government of Gujarat

# ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી

ઇનોવેશન ક્લબ, બ્લોક નં. ૧૨, બીજા માળે, ડૉ. જીવરાજ મહેતા ભવન
ગાંધીનગર, ગુજરાત રાજ્ય

ક્રમાંક નં. ઉશિક/2022-23/616-618 તારીખ:૦૯/૦૨/૨૦૨૩

<u>પરિપત્ર</u>

વિષય: ઇન્સ્ટીટયુટ ઓફ ઇન્ફોર્મેશન સિક્યુરિટીના ઓનલાઈન પ્રોગ્રામ બાબત.

બ્યુરો ઓફ લેબર સ્ટેટિસ્ટિક્સ અનુસાર, સાયબર સિક્યુરિટીમાં નોકરીઓ માટે વૃદ્ધિનો દર 37% છે. જે અન્ય તમામ વ્યવસાયોની સરેરાશ કરતાં વધુ છે. વર્તમાન ખતરાના લેન્ડસ્કેપને ધ્યાનમાં લેતા, સમગ્ર વિશ્વમાં સાયબર સુરક્ષા વ્યાવસાયિકોની માંગમાં ઉછાળો આવ્યો છે. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ફર્મેશન સિક્યુરિટી (IIS) તેના ક્લાઉડ સિક્યુરિટી, IoT સિક્યુરિટી, સર્ટિફાઇડ સિક્યુરિટી ઑપરેશન સેન્ટર એનાલિસ્ટ (CSOC™), મોબાઇલ સિક્યુરિટી જેવા અભ્યાસક્રમો ચલાવે છે.

જેનું ફેબ્રુઆરી ૨૦૨૩નું ટાઇમ-ટેબલ નીચે મુજબ આ સાથે સામેલ છે.

| Training Name | Duration | Training Start Date |
|---|---|---|
| Digital Forensics and incident response (DFIR) | 4 Days | 9th February 2023 |
| Mobile security (Internal Certification) | 2 Days | 11th February 2023 |
| Cybersecurity Foundation +Specialization | 6 Month | 13th February 2023 |
| Certified Security Operations Center Analyst (CSOC™) | 5 Days | 13th February 2023 |
| API Security | 2 Days | 17th February 2023 |
| Certified Ethical Hacking (CEH) Version 12 - Weekend | 6 Days | 18th February 2023 |
| Network Security (Internal Certification) | 2 Days | 18th February 2023 |
| Certified Web Application Security Professional (CWASP) (Internal Certification) | 3 Days | 24th February 2023 |
| Computer Hacking Forensic Investigator (CHFI) | 6 Days | 25th February 2023 |
| ISO LA 27001 | 5 Days | Contact us |
| Certified information systems Security Professional (CISSP) | 5 Days | 27th February 2023 |

તેમજ તેઓના નવા ડિજિટલ લર્નિંગ પ્લેટફોર્મ પર તેઓના સૌથી લોકપ્રિય કોર્સ નેટવર્ક સિક્યુરિટીની 30-દિવસની મફત તાલીમ આપવામાં આવે છે. જેનો લાભ મેળવવા વિધાર્થીઓ https://www.iisecurity.in/onlinetraining_form.php લિંક દ્વારા રજીસ્ટ્રેશન કરી શકશે.

આપની સંસ્થાના મહત્તમ વિધાર્થીઓ ઉક્ત તાલીમનો લાભ લઈ શકે તે માટે ઘટતું કરશો.

સંયુક્ત કમિશ્નર,
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી
ગાંધીનગર

પ્રતિ,

૧.રજીસ્ટ્રારશ્રી, તમામ યુનિવર્સીટી, ગુજરાત રાજ્ય.
૨.આચાર્યશ્રી, તમામ સરકારી કોલેજો, ગુજરાત રાજ્ય.
૩.આચાર્યશ્રી, તમામ બિન સરકારી અનુદાનિત કોલેજો, ગુજરાત રાજ્ય